પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૨૫ | ૬ ફેબ્રુઆરી, ૨૦૧૯, બુધવાર; મહા સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પોલીસ કમિશનરને સીબીઆઈ સમક્ષ હાજર થવા હુકમ

**સીબીઆઈ સમક્ષ શિલોંગમાં રાજીવ કુમારને ઉપસ્થિત થવા સુપ્રીમ કોર્ટનો આદેશ : કોલકાતાના પોલીસ કમિશનરની ધરપકડ ન કરવાનો આદેશ : મુખ્ય સચિવ, ડીજીપી, કમિશનરને સુપ્રીમની નોટિસ : બંગાળની તમામ દલીલો ફગાવાઈ : વધુ સુનાવણી ૨૦ ફેબ્રુઆરીએ થશે**



નવીદિલ્હી, તા. ૫

પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકારને આજે સુપ્રીમ કોર્ટે મરણતોળ ફટકો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે શારદા ચીટ ફંડ કૌભાંડમાં પુછપરછ કરવા માટે કોલકાતા પોલીસ કમિશનર રાજીવ કુમારને સીબીઆઈની સામે ઉપસ્થિત થવા માટે સ્પષ્ટ આદેશ કરી દીધો છે. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી આને લઈને વાંધો ઉઠાવી રહ્યા હતા પરંતુ આજે સુપ્રીમ કોર્ટે રાજીવ કુમારને સીબીઆઈ સમક્ષ ઉપસ્થિત થવા સ્પષ્ટ સૂચના આપી હતી. કોર્ટે રાજીવને બંગાળની બહાર શિલોંગમાં સીબીઆઈ સમક્ષ ઉપસ્થિત થવા માટે આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે આ આદેશથી મમતા બેનર્જીને ચોંકાવી દીધા છે. કોર્ટે રાજયના મુખ્ય સચિવ, ડીજીપી, કોલકાતાના પોલીસ કમિશનરને સીબીઆઈની માનહાનિ અરજી પર નોટિસ ફટકારી છે. મામલાની સુનાવણી ૨૦મી ફેબ્રુઆરીના દિવસે હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટમાં આજે દલીલબાજી દરમિયાન સીબીઆઈ તરફથી ઉપસ્થિત થયેલા એટર્ની જનરલ કેકે વેણુગોપાલે કહ્યું હતું કે, એસઆઈટીએ પુરાવા સાથે ચેડા કર્યા છે. મામલાની તપાસ યોગ્યરીતે કરવામાં આવી નથી. તેમણે કહ્યું હતું કે, બંગાળમાં બંધારણીય સંસ્થાઓ ભાંગી પડી છે. વેણુગોપાલે કહ્યું હતું કે, એસઆઈટી ડેટા અને લેપટોપને સુરક્ષિત રાખી શકી નથી. એસઆઈટી દ્વારા સીબીઆઈને ખોટા કોલ ડેટા આપ્યા છે. બંગાળ સરકાર તરફથી વરિષ્ઠ વકીલ અને કોંગ્રેસના નેતા અભિષેક મનુ સિંઘવી ઉપસ્થિત રહ્યા હતા. સિંઘવીએ કહ્યું હતુ ંકે, સીબીઆઈ કોલકાતા પોલીસ કમિશનરને હેરાન કરવા માંગે છે. જો કે, ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, રાજીવ કુમારની પુછપરછ કરવામાં આવે તેમાં વાંધો શું છે.

● અનુસંધાન પાન-૭ પર

## સીબીઆઈ વિવાદમાં અમારી નૈતિક જીત થઈ છે : મમતા



નવી દિલ્હી,તા. ૫

કોલકત્તામાં આજે મોડીસાંજે આધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુની હાજરીમાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ ત્રણ દિવસના ધરણા સમાપ્ત કર્યા હતા. સમાપન પ્રવચનમાં શ્રીમતી બેનરજીએ જણાવ્યું હતું કે, સુપ્રીમના ચુકાદાથી અમારો નૈતિક વિજય થયો છે. આ મારો નહિ પણ સમગ્ર પશ્ચિમ બંગાળનો વિજય છે. સુપ્રીમ કોર્ટે આજે સીબીઆઈ વિવાદના મામલે તેનો ચુકાદો આપ્યા બાદ પ્રતિક્રિયા આપતા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું હતું કે, આ સમગ્ર મામલામાં તેમની નૈતિક જીત થઈ છે. સીબીઆઈ વિવાદમાં સુપ્રીમના ચુકાદાને પોતાની જીત ગણાવતા કહ્યું હતું કે, આમાથી સામાન્ય લોકોને રાહત થઈ છે. બીજી બાજુ મમતા બેનર્જીના દાવાને લઈને પણ પ્રશ્નો થઈ રહ્યા છે. કારણ કે, મમતા બેનર્જીએ ધરણા પ્રદર્શન જારી રાખ્યા છે. ધરણા સ્થળ ઉપર મિડિયા સાથે વાતચીત કરતા મમતાએ કહ્યું હતું કે, આજે તેમની નહીં બલ્કે દેશની જનતાની જીત થઈ છે. મોદી સરકાર અમને યોગ્યરીતે કામ કરવા દેતી નથી. અમારા નેતાઓને જાણી જોઈને હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા છે.


# ....તો ટીએમસીના ગુંડાઓ સામે આફત : યોગી

**પ્રતિબંધ હોવા છતાં યોગી સાહસથી પુરુલિયા રેલીમાં પહોંચ્યા : યુપીમાં જે રીતે હાલમાં સપા-બસપાના ગુંડા ગળામાં બેનર લટકાવીને માફી માંગી રહ્યા છે તેવી હાલત થશે : ભ્રષ્ટ અધિકારીને સ્પષ્ટ આદેશ મળી ગયો**

પુરુલિયા, તા. ૫

પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટી અને મુખ્યમંત્રી મમતા બેનર્જી વચ્ચે જોરદાર જંગ છેડાઈ ગયો છે. આ રાજકીય સંગ્રામની વચ્ચે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પ્રતિબંધ હોવા છતાં બંગાળના પુરુલિયા પહોંચી ગયા હતા. પુરુલિયામાં જનસભાને સંબોધતા યોગીએ કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં અરાજક, બિનલોકશાહી, બિનબંધારણીય ટીએમસીની સરકાર ચાલી રહી છે. તેમણે કહ્યું હતું કે, મમતા સરકાર આવશે તો ટીએમસીના ગુંડાઓ મમતા બેનર્જીના બેનર લઈને ફરશે અને લોકો ઉપર અત્યાચાર વધારશે. હેલિકોપ્ટરને ઉતરવાની મંજુરી અગાઉ ન મળતા યોગીને ફોન પરથી રેલી સંબોધવાની ફરજ પડી હતી પરંતુ આજે માર્ગ મારફતે યોગી પશ્ચિમ બંગાળ પહોંચ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

### અભિનેત્રી શિલ્પા શિંદે કોંગ્રેસમાં જોડાયા

'ભાભીજી ઘર પર હૈ' ફેમ ટીવી એક્ટ્રેસ અને બીગ બોસ-૧૧ વિજેતા શિલ્પા શિંદે રાજકારણમાં જોડાયા છે. મુંબઈ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ સંજય નિરૂપમ અને પાર્ટીના નેતા ચરણસિંહ સપ્રાની ઉપસ્થિતિમાં તેઓ કોંગ્રેસમાં સામેલ થયા છે.

### હિમાચલપ્રદેશમાં પુનઃ હીમવર્ષા

હિમાચલપ્રદેશમાં ફરી બરફવર્ષા થઈ છે. રોહતાંગ પ્રદેશના ઉંચાઈવાળા વિસ્તારોમાં ભારે હીમવર્ષા નોંધાઈ છે. સમગ્ર વિસ્તારમાં ઓરેન્જ અને રેડ એલર્ટ જાહેર કરાયું છે. આઠ ફેબ્રુઆરી સુધી મોસમ ખરાબ રહેશે તેમ જણાવાયુ છે.

### પંજાબ નેશનલ બેંકનો નફો ૨૪૬.૫૧ કરોડ

એક વર્ષ અગાઉ દેશના સૌથી મોટા બેંકિંગ કૌભાંડમાં બદનામ થયેલ પંજાબ નેશનલ બેંકે પોતાનો નફો જાહેર કર્યો છે. બેંકનો નફો ૭.૧૨ ટકા વધીને ૨૪૬.૫૧ કરોડ પર પહોંચી ગયો છે. જોકે આવકમાં ઘટાડો નોંધાયો છે.

### એમપીમાં સ્થાનિકોને રોજગારી આપવી ફરજીયાત

મધ્યપ્રદેશની કોંગ્રેસ સરકારે ઉદ્યોગ માટે ૭૦ ટકા રોજગારી સ્થાનિકોને આપવી ફરજીયાત બનાવી દીધી છે. આ નિયમો રાજ્યના તમામ ઉદ્યોગગૃહોને લાગુ પડશે તેવી જાહેરાત મુખ્યમંત્રી કમલનાથે ટ્વીટર પર કરી છે.

### અન્ના હજારેનું ઉપવાસ આંદોલન સમેટાયુ

લોકપાલની નિમણુંકની માગ સાથે ગાંધી જયંતિથી ઉપવાસ આંદોલનનો આરંભ કરનાર જાણીતા લોક સેવક અન્ના હજારે આજે સાંજે ઉપવાસ આંદોલન સમેટ્યું હતું. સત્તાવાર જાહેરાત મુજબ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીશ અને કેન્દ્રીય કૃષિમંત્રી રાધાકૃષ્ણ મોહને ખાતરી આપતા હજારેએ સાત દિવસના ઉપવાસ સમાપ્ત કર્યા હતા.

## પાર્રિકર રાજીનામુ આપશે તો ગોવા સરકારમાં રાજકીય સંકટ ઉભુ થશે

**ગોવા વિધાનસભાના ડેપ્યુટી સ્પીકરનું નિવેદન**

પણજી,તા.૫

ગોવાના મુખ્યમંત્રી મનોહર પાર્રિકરની સારવાર દિલ્હીના એઈમ્સમાં ચાલી રહી છે. આ વચ્ચે ગોવા વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર અને ભાજપના ધારાસભ્ય મિશેલ લોબોએ કહ્યું કે, "જે દિવસે મનોહર પાર્રિકરે રાજીનામું આપ્યું કે તેમને કંઈક થયું તો ભાજપ શાસિત ગોવા સરકારમાં રાજકીય સંકટ ઊભું થઈ જશે. જ્યાં સુધી તેઓ રાજ્યના મુખ્યમંત્રી છે, ચિંતાની કોઈ જ વાત નથી.

પાર્રિકરના સ્વાસ્થ્ય પર લોબોએ કહ્યું કે, "તેમની સ્થિતિ વધુ સારી નથી, લોકોએ સમજવું જોઈએ કે મુખ્યમંત્રી બીમાર છે. તેમને જે બીમારી છે, તેમનો કોઈ જ ઈલાજ નથી. ઈશ્વરની કૃપાથી તેઓ હજુ સુધી આપણી સાથે છે. ભગવાને તેમને કામ કરવા માટે આશીર્વાદ આપ્યાં છે.

ગત વર્ષે ફેબ્રુઆરીમાં પૂર્વ રક્ષામંત્રીને કેન્સર હોવાની વાત સામે આવી હતી. ત્યારબાદથી તેઓ ગોવા, મુંબઈ, દિલ્હી અને અમેરિકા ખાતે ઘણી વખત સારવાર અર્થે જઈ ચુક્યા છે. ૩૦ ઓક્ટોબરે પહેલી વખત ગોવાનાં સ્વાસ્થ્ય મંત્રી વિશ્વજીત રાણેએ પાર્રિકરને સ્વાદુપિંડનું કેન્સર હોવાની જાણકારી આપી હતી.

# યુપી વિધાનસભામાં વિપક્ષોનો હોબાળો

**યૂપી વિધાનસભામાં સપા-બસપા ધારાસભ્યોનો હોબાળો : રાજ્યપાલ ઉપર કાગળના ડૂચા ફેંકાયાં : સપા નેતાઓએ વિધાનસભાની બહાર નારેબાજી કરી લખ્યુ હતુ સાંઢ ઔર કિસાન દોનો પરેશાન : સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય બેભાન થયા**

લખનૌ,તા.૫

ઉત્તર પ્રદેશ વિધાનસભાના બજેટ સત્રના પહેલા જ દિવસે સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને કોંગ્રેસે ભારે વિરોધ કર્યો હતો. વિરોધ વચ્ચે આ વિરોધપક્ષો પોતાની ગરિમા પણ ભુલ્યાં હતાં. તેમણે વિધાનસભાની અંદર રાજ્યપાલ પર કાગલના ગોળા બનાવીને ફેંક્યા હતાં તો વિધાનસભાની બહાર આંખલાને સાથે રાખી વિરોધ પ્રદર્શનો કર્યા હતાં. આ પ્રદર્શન દરમિયાન સમાજવાદી પાર્ટીના એક ધારાસભ્ય્ય પણ બેભાન થઈ ગયાં હતાં, જેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

યોગી સરકારનું ત્રીજુ બજેટ સત્ર ૨૨મી ફેબ્રુઆરી સુધી ચાલશે. આજે મંગળવારે આ બજેટ સત્રના પહેલા જ દિવસે ભારે હોબાળો થયો. સમાજવાદી પાર્ટીના નેતા વિધાનસભાની બહાર પહોંચ્યા. તેમની સાથે એક આંખલો પણ હતો. પ્રદર્શન દરમિયાન તેમને આંખલાના પોસ્ટરને સૌથી આગળ રાખ્યા હતાં અને હાથમાં બેનર દર્શાવી ભારે નારેબાજી કરી હતી. જેમાં લખ્યું હતુ કે – 'સાંઢ ઓર કિસાન દોનો પરેશાન'.

● અનુસંધાન પાન-૭ પર



## કોંગ્રેસ મુખ્યાલયમાં પ્રિયંકા ગાંધી વાડ્રાને અલગ કાર્યાલય ફાળવાયુ

**રાહુલ ગાંધીએ બહેન પ્રિયંકા ગાંધીને બનાવી પાડોશી : નેમ પ્લેટ લાગી ગઈ**

ન્યુ દિલ્હી,તા.૫

કોંગ્રેસના મહાસચિવ તરીકે નિમણૂક કરાયેલ પ્રિયંકા ગાંધી વાડ્રાને દિલ્હીના ૨૪ અકબર રોડ સ્થિત કોંગ્રેસ હેડકવાર્ટરમાં બેસવા માટે રૂમ મળી ગયો છે. પ્રિયંકાને પોતાના ભાઈ અને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની બાજુમાં રૂમ આપવામાં આવ્યો છે. રાહુલ જ્યારે મહાસચિવ હતા ત્યારે તેઓ આ જ રૂમમાં બેસતા હતા.




પ્રિયંકા ગાંધીને પૂર્વ યુપીના પ્રભારી બનાવ્યા છે. રાહુલ ગાંધી કોંગ્રેસમાં પ્રિયંકાની ભૂમિકા પર ચર્ચા કરનાર છે. આપને જણાવી દઈએ કે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા એ સોમવારના રોજ વિદેશથી પરત આવ્યા બાદ પાર્ટી અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે તેમના તુગલક રોડ સ્થિત ઘરે મુલાકાત કરી હતી.

કોંગ્રેસ સૂત્રો એ કહ્યું કે આગામી લોકસભા ચૂંટણીની રણનીતિ તૈયાર કરવા માટે ગુરૂવાર સાંજે દિલ્હીમાં યોજાવા જઈ રહેલા પાર્ટી મહાસચિવો અને વિભિન્ન રાજ્યોના પ્રભારીઓની બેઠકમાં પણ પ્રિયંકા સામેલ થશે. રાહુલે શનિવારના રોજ દિલ્હીમાં પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષો અને કોંગ્રેસ વિધાયક દળના નેતાઓની પણ બેઠક બોલાવી જેથી કરીને સામાન્ય ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરી શકાય. કહેવાય છે કે પ્રિયંકા એ કોંગ્રેસના અન્ય નેતાઓને પણ મળીને પૂર્વ ઉત્તર પ્રદેશ માટે ચૂંટણી રણનીતિ પર ચર્ચા કરી.

ઉલ્લેખનીય છે કે પ્રિયંકા પૂર્વ ઉત્તર પ્રદેશના પ્રભારી મહાસચિવ તરીકે નિમણૂક કરાઈ છે. પશ્ચિમ ઉત્તરપ્રદેશના પ્રભારી મહાસચિવ તરીકે જ્યોતિરાદિત્ય સિંધિયા પણ પ્રિયંકા અને અન્ય કોંગ્રેસ નેતાઓની મુલાકાત દરમ્યાન હાજર હતા.

## આસામમાં એનઆરસીને લઈ સુપ્રીમ કોર્ટ દ્વારા કેન્દ્રને ફટકાર

**પ્રક્રિયાને બરબાદ કરવા ગૃહમંત્રાલયના પ્રયાસ : આસામના કેટલાક અધિકારીઓને ચૂંટણીના કામોથી દૂર કરવા માટે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ આદેશ કર્યો : વિવાદ અકબંધ**

નવી દિલ્હી, તા. ૫

આસામમાં નેશનલ રજિસ્ટ્રાર ઓફ સિટિઝન પ્રક્રિયાને લઈને સુપ્રીમ કોર્ટે આજે કેન્દ્ર સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી. કોર્ટે કહ્યું હતું કે, એમ લાગે છે કે, ગૃહમંત્રાલયનો પ્રયાસ એનઆરસી પ્રક્રિયાને બરબાદ કરવાનો રહેલો છે. સુપ્રીમ કોર્ટે ફરી એકવાર સ્પષ્ટતા કરી હતી કે, એનઆરસી માટે નિર્ધારિત ૩૧મી જુલાઈની સમય મર્યાદાને હવે આગળ વધારવામાં આવશે નહીં. આની સાથે સાથે કોર્ટે ચૂંટણી પંચને આદેશ કર્યો હતો કે, તે રાજ્યના કેટલાક અધિકારીઓને ચૂંટણી પ્રક્રિયાથી અલગ કરી દે જેથી એનઆરસી પ્રક્રિયા જારી રાખવાની બાબતની ખાતરી થઈ શકે. ગૃહમંત્રાલય દ્વારા સુપ્રીમ કોર્ટથી એનઆરસીના કામને બે સપ્તાહ માટે રોકી દેવાની વિનંતી કરવામાં આવી હતી. કારણ કે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (સીએપીએફ) ચૂંટણી ફરજમાં વ્યસ્ત રહેશે. આના પર સીજેઆઈ રંજન ગોગોઈના નેતૃત્વવાળી બેંચે કહ્યું હતું કે, એનઆરસી પ્રક્રિયાનો પૂર્ણ કરવાની ૩૧મી જુલાઈની સમય મર્યાદાને હવે આગળ વધારવામાં આવશે નહીં. સીજેઆઈએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર એનઆરસી પ્રક્રિયાને લઈને સહકાર કરી રહ્યું નથી. એમ લાગે છે કે, ગૃહમંત્રાલયના તમામ પ્રયાસ એનઆરસી પ્રક્રિયાને બરબાદ કરી દેવાની છે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને કહ્યું હતું કે, આસામના કેટલાક અધિકારીઓને ચૂંટણી ફરજથી દૂર કરવામાં આવે તેને લઈને વિચારણા કરવામાં આવે. કારણ કે, આનાથી એનઆરસી પ્રક્રિયા જારી કરવાની ખાતરી થઈ શકશે. કોર્ટે ૨૪મી જાન્યુઆરીના દિવસે કહ્યું હતું કે, આસામ માટે એનઆરસી પ્રક્રિયાને પૂર્ણ કરવાની મહેતલ ૩૧મી જુલાઈ ૨૦૧૯ છે અને તેને બદલવામાં આવશે નહીં.

### રોબર્ટ વાડ્રાની આજે ઇડી દ્વારા પુછપરછ

પ્રિયંકા ગાંધીના પતિ અને કારોબારી રોબર્ટ વાઢેરાની મની લોન્ડરિંગ સાથે જોડાયેલા એક મામલામાં આવતીકાલે ઈડી દ્વારા પુછપરછ કરવામાં આવશે. રોબર્ટ વાઢેરા આવતીકાલે સાંજે ચાર વાગે ઈડી સમક્ષ ઉપસ્થિત થશે. ઈડીએ લંડનના બ્રાયંસ્ટન સ્કવેરમાં ૧૯ લાખ પાઉન્ડમાં એક સંપત્તિ ખરીદવાને લઈને વાઢેરાની સામે મની લોન્ડરિંગ કેસ દાખલ કર્યો છે.

